# આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, દે’બારીયા અને એગ્રોનોમી વિભાગ, બ. અ. કૃષિ મહાવિધાલય આકૃયુ, આણંદના સંયુક્ત ઉપક્રમે “સજીવ ખેતી” પર તાલીમ યોજાઇ

આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, દે’બારીયા અને એગ્રોનોમી વિભાગ, બ. અ. કૃષિ મહાવિધાલય આકૃયુ, આણંદના સંયુક્ત ઉપક્રમે આદિવાસી મહિલા ખેડુત તાલીમ કેન્દ્ર ખાતે તા. ૧૨ થી ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૯ દરમિયાન “સજીવ ખેતી” વિષય પર તાલીમ ગોઠવવામાં આવેલ હતી. જેમા ધાનપુર તાલુકાના ૪૦ ખેડુતોએ ભાગ લીધેલ હતો.

કાર્યક્રમ પ્રથમ દિવસે ડો. જી. જે. પટેલ, યુનિટ અધિકારી, ટી.આર.ટી.સી.,આકૃયુ, દે’બારીયા દ્વારા આવેલ ખેડૂતોનું અને બ.અ.કૃષિ મહાવિધાલય આકૃયુ, આણંદથી આવેલ વૈજ્ઞાનિકશ્રીઓનું શાબ્દિક અને પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ. તેઓએ તેમના વ્યાખ્યાનમાં  પૃથ્વી પર રહેલ કુદરતી સ્ત્રોતો ખૂબ જ અગત્યનો ભાગ ભજવતા  જમીનની ફળદ્રુપતા જળવાઇ રહે તે માટે કૃષિ રસાયણોનો વિવેકપુર્ણ  અને સેન્દ્રિય ખાતરોનો બહોળો ઉપયોગ કરવા ખેડુતોને પ્રેરિત કર્યા હતા. કાર્યક્રમના અતિથી વિશેષ ડો. કે. પી. પટેલ, આચાર્યશ્રીએ, બ. અ. કૃષિ મહાવિધાલય આકૃયુ, આણંદ દ્વારા તાલીમમાં હાજર રહેલ ખેડૂતોને સજીવ ખેતીના ઉજ્જ્વળ ભવિષ્ય અને મહત્વથી માહિતગાર કર્યા હતા. સજીવ ખેતી અપનાવી પર્યાવરણના પ્રદુષણ અટકાવવા અને માનવ સ્વાસ્થ જાળવણીમાં સહભાગી થઇ  બમણી આવક મેળવતા થાય તે માટે પ્રોત્સાહિત કર્યા હતા.  ડો. બી. ડી. પટેલ, પ્રાધ્યાપક અને વડા (એગ્રોનોમી) દ્વારા સજીવ ખેતીમાં નિંદણ નિયત્રંણ અને ડો. પી. એમ. પટેલ, આણંદ દ્વારા સજીવ ખેતીના વિવિધ ઘટકો અને તેના મહત્વ વિષે ખેડૂતોને માહિતગાર કરેલ હતા.

તાલીમ કાર્યક્રમના બીજા દિવસે તાલીમ સહાયક ડો. એન. બી. પટેલ (પાક સરંક્ષણ) દ્વારા પાકને નુકશાન કરતી જીવાતોના નિયંત્રણ માટે બિન રાસાયણિક જીવાત નિયંત્રણની વિવિધ જૈવિક પધ્ધતિઓનો સમન્વય કરી જીવાતની વસ્તી તેની ક્ષમ્યમાત્રા કરતા કેવી રીતે નીચે રાખી શકાય તે બાબતની સવિસ્તર સમજણ પૂરી પાડેલ હતી.  ડો. જી. એન. થોરાત, મદદનીશ પ્રાધ્યાપક, દ્વારા સજીવ ખેતીમાં ઉપયોગમાં લેવાતા અગત્યના સે ન્દ્રિય ખાતરો જેવા કે છાણીયું ખાતર, કંમ્પોસ્ટ, વર્મીકંમ્પોસ્ટ, અને  લીલા પડવાશના ફાયદાઓ અને  બનાવવાની વિવિધ પધ્ધતિઓનું તાલીમાર્થીઓને માર્ગદર્શન આપેલ હતુ.

ડો. એ. વાય. માકાણી, રીસર્ચ એસોસીએટ,  સજીવ ખેતીમા બીજ ઉત્પાદન, શ્રી. ડી. બી. રામજીયાણીએ સજીવ ખેતીમા ધ્યાન રાખવાના અગત્યના મુદ્દાઓ અને  દિપી પી. પટેલ દ્વારા માનવ સ્વાસ્થ પર સજીવ ખેતીની ઉપયોગીતા વિષયો પર ખેડૂતોને માર્ગદર્શન પુરૂ પાડેલ હતું. તાલીમના ત્રીજા દિવસે શ્રી. જે. એમ. પટેલ, પશુધન નિરીક્ષક દ્વારા તાલીમાર્થીઓને આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે આવેલ બાયોફર્ટિલાઇઝર અને ગેટ ઓર્ગનિક સ્ટોરની  સાથે અન્ય વિભાગોની મુલાકાત કરાવેલ હતી.

**આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, દે’બારીયા અને એગ્રોનોમી વિભાગ, બ. અ. કૃષિ મહાવિધાલય આકૃયુ, આણંદના સંયુક્ત ઉપક્રમે “સજીવ ખેતી” પર તાલીમની ઝલક**

**સ્થળ :** સભાખંડ, આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર,આકૃયુ, દે’બારીયા

**તારીખ :** ૧૨/૦૨/૨૦૧૯ થી ૧૪/૦૨/૨૦૧૯















આદિવાસી સંશોધન-વ- તાલીમ કેન્દ્ર
તથા
આયોજીત સજીવ ખેતી તાલીમ કાર્યક્રમ













